# JSW સિમેન્ટ IPO લાવશે, ઉત્પાદન ક્ષમતા ત્રણ વર્ષમાં બમણી કરશે

રાખી મઝુમદાર
કોલકાતા

સિમેન્ટના વપરાશમાં બીજો ક્રમ ધરાવતા ભારતમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને હાઉસિંગ સેક્ટરની કામગીરી જોતાં સિમેન્ટની માંગ વધવાનો અંદાજ છે, જેને ધ્યાનમાં રાખીને ૧૧૦ લાખ ટન ક્ષમતા વિકસાવી રહેલી JSW સિમેન્ટ આવતાં ત્રણ વર્ષમાં તેનું ઉત્પાદન બમણું કરીને લગભગ ૨૦૦ લાખ ટન કરવા માંગે છે.

ભારતના સિમેન્ટ માર્કેટમાં પ્રાદેશિક કંપનીઓનો દબદબો છે અને અલ્ટ્રાટેક, લાફાર્જહોલ્સિમ તથા દાલમિયા ભારત મોટાં નામ છે. JSW સિમેન્ટના MD પાર્થ જિન્દાલે કહ્યું હતું કે, "અમે વૃદ્ધિ માટે ઓર્ગેનિક અને ઇનઓર્ગેનિક એમ બંને વિકલ્પો અપનાવીશું. આવતાં ત્રણ વર્ષમાં અમારો ટાર્ગેટ ૧૦૦ લાખ ટનથી ઉપર જવાનો છે. આથી, અમે IPO લાવીશું અને ૨૦૨૦થી ૨૦૨૫ની વચ્ચે અમારી ક્ષમતા વધારીને ૫૦૦ લાખ ટન કરવા માટેનું જરૂરી ભંડોળ મેળવીશું." તેઓ પશ્ચિમ બંગાળમાં સલ્બોની ખાતે કંપનીના નવા ૨૪ લાખ ટનના યુનિટના લોન્ચિંગ પ્રસંગે કોલકાતા આવ્યા હતા.

તેમણે ઉમેર્યું હતું કે, "અમે સલ્બોની પ્લાન્ટની ક્ષમતા બમણી કરીને ૪૮ લાખ ટન કરવાની યોજના ધરાવીએ છીએ, જેના માટે અન્ય ₹૬૦૦ કરોડનું રોકાણ કરીશું. અમે આ પ્લાન્ટમાં ₹૮૦૦ કરોડ તો રોકેલા જ છે. અમે જયપુરમાં ૧૨ લાખ ટનનો ગ્રાઇન્ડિંગ યુનિટ અને રૂરકેલામાં ૧૫ લાખ ટનનો ક્લિન્કર યુનિટ ઉમેરી રહ્યા છીએ."



**અમે IPO લાવીશું અને ૨૦૨૦થી ૨૦૨૫ની વચ્ચે ક્ષમતા વધારીને ૫૦૦ લાખ ટન કરવાનું જરૂરી ભંડોળ પણ મેળવીશું.**

**પાર્થ જિન્દાલ** | MD, JSW સિમેન્ટ